રે.મું. નં. ૭૩/૨૦૧૫ ઓર્ડર

| | | |
|---|---|---|
| રજીસ્ટ્રેશન નંબર | : | ૭૩/૨૦૧૫ |
| ફાઈલીગ નંબર | : | ૭૩/૨૦૧૫ |
| દાખલ તારીખ | : | ૨૧/૦૬/૨૦૧૩ |
| રજીસ્ટ્રેશન તારીખ | : | ૨૧/૦૬/૨૦૧૩ |

**મે. વાગરાના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં. મુંઃ વાગરા.**

**રેગ્યુલર મુકદમા નંબરઃ ૭૩/૨૦૧૫.**

| **વાદી** | **રહેવાસી** |
|---|---|
| ૧. પ્રભુબેન મોહનસીહ હીમતસીહ રાજની દીકરી | પહાજ,તા.વાગરા જીઃભરૂચ |
| ૨. કનુબેન મોહનસીહ હીમતસીહ રાજની દીકરી | ગાબટ તા.જીઃ સાબરકાંઠા |
| ૩. મનુબેન મોહનસીહ હીમતસીહ રાજની દીકરી | પીપળી તા.પાદરા,જીઃવડોદરા |
| ૪. નીરૂબેન મોહનસીહ હીમતસીહ રાજની દીકરી | ગાજના, તા. બોરસદ,જીઃઆણંદ |
| ૫. ભગવતીબેન મોહનસીહ હીમતસીહ રાજની દીકરી | ગવાસદ,તા.પાદરા,જીઃવડોદરા |

**VERSUS**

**પ્રતિવાદી**

| | |
|---|---|
| ૧. જશવંતસીહ મોહનસીહ રાજ | નાદીડા,તા.વાગરા,જીઃભરૂચ |
| ૨. દીલાવરસીહ મોહનસીહ રાજ | " |

વાદીઓ તરફે.................... વિધ્વાન વકીલશ્રી એસ.આઈ. દોલા
પ્રતિવાદીઓ તરફે................ વિધ્વાન વકીલશ્રી બી.એ.સિન્ધા

**:: આંકઃ ૫ લગત હુકમ ::**

**(૧)** વાદીની મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, વાદીની વાદગ્રસ્ત મીલકત મોજે ગામ નાંદીડા,તા.વાગરા જીઃ ભરૂચની સીમમાં આવેલ છે. મનાઈ અરજીના પેરા–૧ માં જણાવેલ મીલકત મોહનસીહ હીમતસીહ રાજની માલીકી કબજા ભોગવટાની

હતી. મોહનસીહ ઘણા વર્ષો પહેલાં મૈયત થયેલા છે. લોટ–અ વાળી જમીન મોહનસીહના ગુજરી ગયા બાદ એન્ટ્રી નં.૨૨૭૧ થી તેઓના તમામ વારસદારોના નામ દાખલ થયેલા, તેથી આ મીલકતમાં તેઓના પાંચ હીસ્સા છે અને પ્રતિવાદીઓના બે હીસ્સા છે, તે મીલકતોની વહેંચણ કરવામાં આવેલ નથી અને હાલમાં જમીનોના ભાવ વધેલા હોઈ, પ્રતિવાદીઓનો ઈરાદો તેઓના હીસ્સાની જમીન પચાવી પાડવાનો છે. લોટ–બ વાળી મીલકત તેઓના માતા નંદુબેન મોહનસીહ હીસંમતસીહના નામે તેમના પિતાએ તેમની હયાતીમાં કરેલી. નંદુબેન ૧૯૯૫ ના અરસામાં મૃત્યુ પામેલા, પરંતુ હાલમાં રેકર્ડની તપાસ કરતાં ખબર પડતાં લોટ–બ ની મીલકત જશવંતસીહ મોહનસીહનાઓએ તેમના નામે રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૩૪૮૮ થી પડાવી કરાવી લીધી છે. મીલકત તેઓની માતાના નામે ચાલતી હતી, તે મીલકતો તેમના પતિ તરફથી તેઓને મળેલી. તેમની હયાતીમાં તેમના નામે કરેલી. તેઓના મરણ પછી આ મીલકતોમાં સીધી લીટીના વારસદારો તરીકે તેઓ વાદી પ્રતિવાદી દરેકનો સાતમો હીસ્સો છે. જયારે પ્રતિવાદીઓના બે હીસ્સા છે. આમ દરેક વાદીનો ૧/૬ હીસ્સો છે.લોટ–બ ની મીલકત રેકર્ડ જોતાં વીલના આધારે પ્રતિવાદી જશવંતસીહ મોહનસીહનાઓએ તેઓના નામે કરાવી લીધેલી છે. મરનાર નંદુબેને કોઈ વીલ કરી આપેલ નથી. નંદુબેનની તબીયત સારી રહેતી ન હોય, નંદુબેન સહી કરતા હતા. તેઓએ તેમની હયાતીમાં જશવંતસીહને કોઈ વીલ કરી આપેલ નથી, પરંતુ તેમની જાણમાં આવેલ છે કે,જશવંતસીહે ખોટું વીલ ઉભું ખોટી એન્ટ્રી પડાવેલી છે તે વખતે તેઓ સીધી લીટીના વારસદારો હોવા છતાં તેઓને બોલાવવામાં આવેલ નથી. રેવન્યુ અધિકારીએ કોઈ જવાબ લીધેલ નથી. હકક પત્રક નમુના નં.૬ કઢાવતાં તેમાં કોઈ વિગત નથી. ખોટા વીલના આધારે જશવંતસીહ મીલકતના માલીક બની જતા નથી. વીલ કરવાનો નંદુબેનને કોઈ અધિકાર ન હતો. આ મીલકતની વહેંચણી આજદીન સુધી કરવામાં આવેલ નથી, અને પ્રતિવાદીઓને અવાર નવાર હીસ્સો જુદો પાડવાની વાત કરતાં ઈન્કાર કરેલો. મનાઈ અરજીમાં જણાવેલ મીલકતો પ્રતિવાદીઓ તબદીલ કરી દે તો, વાદીને ઘણુંજ નુકશાન થાય તેમ છે તેનો બદલો નાણાંથી મળી શકે તેમ નથી. વાદીનો પ્રાયમાફેસી કેસ છે, તેથી પ્રતિવાદીઓ કે તેમના ઘરના માણસો કે એજન્ટો કે કુલમુખત્યાર મારફતે મનાઈ અરજીના પેરા–૧ માં જણાવેલી મીલકતો કોઈને કોઈપણ

રીતે તબદીલ કરે કરાવે નહી તેવો દરમ્યાન મનાઈ હુકમ ફરમાવવા અરજ કરેલ છે.

(૨) પ્રતિવાદી નં.૧,૨ નાએ દાવા અરજી તથા મનાઈ અરજીનો સંયુકત રીતે જવાબ આંક–૧૩ થી આપેલો છે,અને વાદીની દાવા અરજી તથા મનાઈ અરજીની હકીકતોનો ઈન્કાર કરેલો છે. તેઓ પોતાની ખરી હકીકતમાં જણાવે છે કે,દાવા અરજીના પેરા–૩ વાળી તેઓના સ્વ. પિતાજી મોહનસીહ હીમતસીહ ગુજરી ગયા બાદ વારસાઈ હકક દાખલ થયેલ તે હકીકત સાચી નથી કારણ કે, તેઓના પિતાશ્રી તા. ૪/૧૧/૯૨ ના રોજ મોહનસીહ હીમતસીહની હયાતીમાંજ તેઓએ મીલકતની વહેંચણી કરી નાંખી હતી જે નીચે મુજબ છે. તે વહેંચણમાં પ્રતિવાદીઓને ભાગે સર્વે નં.૫,૧૧૪,૧૧૫,૩૯૩,૪૯,૧૧ ૩,૧૦૩,૨૧૦, આમ ઉપરોકત મીલકતો તેઓના પિતાએ તેમની હયાતીમાંજ વહેંચણી કરી આપેલી અને આ કામના વાદીઓના સ્વ. મોહનસીહ હીમતસીહે તેઓની હયાતીમાંજ તેઓના હીસ્સામાં આવતી જમીનની અવેજની રોકડ રકમ આપી દીધેલ, તેથી તેઓએ સદર વહેંચણી કબુલ મંજુર છે, અને તેઓની સંમતિથી ધાક ધમકી વગર સહી કરી આપેલી. તેઓએ વહેંચણ કરાર મુજબ જવાબ પણ આપેલો અને તેઓએ ૧૩૫(ડી) ની નોટીસ બજયા બાદ વાંધા કે વચકા લીધેલ નહતા. આમ વાદીએજ તેમનો હકક હીસ્સો છોડી દીધેલ હોય, તેઓનો દાવા અરજીમાં બતાવેલ જમીનમાં કોઈ હકક હીસ્સો રહેતો નથી. તેથી વાદીનો પ્રથમ તબકકે રદ થવો જોઈએ અને તેથી જે તે સમયે વહેંચણ કરારમાં સર્વે નં.૫,૧૧૩,૧૦૩, અને ૨૧૦ પૈકીના સર્વે નંબરો રી સર્વેમાં તેમના માપ બદલાઈ જતાં સર્વે નં. ૧૦૩ નો નવો નં.૧૦૯/૧ તથા સર્વે નં. ૧૦૩ નો નવો નં.૧૧૫ તથા સર્વે.નં.૨૧૦ નો નવો નં.૧૬૨,૧૬૪,૧૯૪,અને ૧૯૬ પડેલો.આમ ઉપરોકત સર્વે નંબરો વાદીઓએજ તેમની સંપુર્ણ મરજી અને સંમતીથી પ્રતિવાદીઓને આપી દીધેલ હોય, દાવા અરજીના પેરા–૩ માં તેઓ જણાવે છે કે, તેઓવચ્ચે કોઈ વહેંચણ કરવામાં આવેલી નથી તો તે હકીકત ખોટી છે. વાદીઓ જણાવે છે કે, વીલ કરતી વખતે નંદુબાની તબીયત સારી ન હતી તો તે હકીકત ખોટી છે, ખરી હકીકતે તો વીલ કરતા સમયે નંદુબા ખુબ સ્વસ્થ અને સારી તબીયતમાં હતા તેઓ સહી કરી શકતા હતા. ચાલી શકતા હતા અને તેઓએ પોતાની મરજીથી સ્વેચ્છાએ વીલ કરી આપેલ છે. આમ વાદીએ ખોટી

હકીકતો રજુ કરી હાલનો દાવો તથા મનાઈ અરજી કરેલ હોય, ખર્ચ સહીત રદ કરવા વિનંતી કરેલ છે.

**(૩)** આ કામે વાદીએ આંક–૩ ના લીસ્ટથી ની. ૩/૧ થી ૩/૧૫ થી સુધીના દસ્તાવેજો રજુ કરેલ છે. ની. ૩/૧ ગામ નમુના નં. ૮–અ ની જમીનની ખાતાવહી છે તેમાં વાદીએ પોતાનું વાદગ્રસ્ત જમીનમાં નામ આવેલ છે અને તે ખાતા નં. ૧૮૫ ની જમીનની ખાતાવહી છે અને તે ખાતામાં લોટ–અ વાળી દાવા અરજીમાં જણાવેલ મીલકત આવેલ છે. ત્યાર બાદ દસ્તાવેજી પુરાવામાં લોટ–અ વાળી મીલકત ૭૧૨ ના ઉતારાની નકલ રજુ કરેલ છે. ત્યાર બાદ વાદીએ ની. ૩/૯ થી લોટ–બ વાળી જમીનની ખાતાવહીની નકલ રજુ કરેલ છે અને તેનો ખાતા નં. ૧૨૧ છે. જેમાં હાલના પ્રતિવાદી નં.૧ નું નામ છે. ત્યાર બાદ ની. ૩/૧૪ થી વાદીએ બ્લોક નં.૫ દુભાટીયાવાળા ખેતરની ૭/૧૨ ના ઉતારા ની નકલ રજુ કરેલ છે. ત્યાર બાદ ની.૩/૧૫ થી ગામ નમુના નં. ૬ ના હકક પત્રકની નોંધ નં. ૩૪૮૮ રજુ કરેલ છે. પ્રતિવાદી તરફે કોઈજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી.

**(૪)** ઉપરોકત હકીકતે આ અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદી પુરવાર કરે છે કે, તેમનો પ્રથમદર્શનીય કેસ છે ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે, સગવડ–અગવડની સમતુલા તેઓની તરફેણમાં છે ?

(૩) શું વાદીને માંગ્યા મુજબનો દરમ્યાન મનાઈ હુકમ આપવામાં ન આવે તો તેઓને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

**(૫)** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા નિર્ણયો તથા કારણો નીચે પ્રમાણે છે.

(૧) નકારમાં.

(૨) નકારમાં.

(૩) નકારમાં.

(૪) આખરી હુકમ મુજબ..

**<u>:: કા ર ણો ::</u>**

**<u>મુદ્દા નં. ૧,૨,૩.</u>**

**(૬)** અત્રેની અદાલતને મનાઈ હુકમ આપવાની સત્તા વિવેકાધીન સત્તાછે અને અદાલતે કેસના તમામ પાસાઓ જેવા કે, પ્રથમદર્શનીય કેસ, અરજદારની શુઘ્ધબુઘ્ધિ, સગવડની સમતુલા, વિગેરેનો પણ સાથે સાથે અત્રેની અદાલતે ઘ્યાન રાખવાનું હોય છે. વધુમાં મનાઈ હુકમની મંજુરી એ એવી ન્યાયિક પ્રક્રિયા છે કે, જેનાથી કોઈ પક્ષને અનૈતિક કૃત્યથી દુર રહેવાનો હુકમ કરવામાં આવે છે. આમ કામ ચલાઉ મનાઈ હુકમની દાદ એ સમન્યાયી દાદ છે અને અદાલતે ન્યાયિક બુઘ્ધિનો વિવેકપુર્વક ઉપયોગ કરવાનો હોય છે. આ મનાઈ હુકમની ન્યાયિક પ્રક્રિયા માટે અદાલતે ગંભીર પ્રકારની તકરારી બાબતની ઈન્સાફી કાર્યવાહી કરવાની છે. અને પક્ષકારને હાની થતી રોકવાનું પણ સાથે સાથે જરૂરી છે. મનાઈ હુકમ મંજુર કરવામાં આવે તો, અરજદારની હાની થવાની સંભાવના છે કે કેમ ? તે પણ અત્રેની અદાલતે જોવાનું છે. અત્રેની અદાલતે મનાઈ હુકમ મંજુર કરવા માટેના જે ત્રણ સિઘ્ધાંતો સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડર ૩૯ માં વર્ણવેલ છે તે સિઘ્ધાંતો પણ અદાલતે ઘ્યાને લેવાના હોય છે.વાદીએ આ ત્રણેય સિઘ્ધાંતો એટલે કે પ્રથમદર્શનીય કેસ, સગવડની સમતુલા અને નાણાંની નુકશાની, પોતાની દાવા અરજી તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવા આધારે ઘ્યાને લેવામાં આવે છે.

**(૭)** આ કામે વાદીની મનાઈ અરજી વંચાણે લેતાં, વાદીએ મનાઈ અરજીના પેરા–૧ માં જણાવેલ જમીન મોહનસીહ હીમતસીહ રાજના કબજામાં અને મોહનસીહ ઘણા વર્ષો પહેલાં મૈયત થયેલ છે અને વાદીઓ તથા પ્રતિવાદી તેમના દીકરા દીકરીઓ છે. લોટ–અ વાળી મીલકતમાં તેઓના સહકબજેદાર તરીકે નામ છે, અને લોટ–બ ની મીલકત વાદીની માતા નંદુબા મોહનસીહના નામે તેઓના પિતાએ તેઓની હયાતીમાં

કરેલી, અને નંદુબેન સને ૧૯૭૫ ના અરસામાં ગુજરી જતાં રેવન્યુ રેકર્ડમાં હાલના પ્રતિ વાદી નં.૧ જશવંતસીહ મોહનસીહના નામેી કરેલ છે. તે મીલકતો તેઓના પિતા તરફથી તેઓને મળેલી, તેથી આ મીલકતમાં સીધી લીટીના વારસદારો તરીકે વાદીઓના પાંચ હીસ્સા છે, અને પ્રતિવાદીઓના બે હીસ્સા છે. આમ દરેક વાદીનો ૧/૬ હીસ્સો છે. નંદુબેને કોઈ વીલ કરી આપેલ નથી. હાલના પ્રતિવાદી પાસે ૧/૬ હીસ્સાની વહેંચણી આજદીન સુધી કરી આપેલ નથી. આ કામે વાદીએ રજુ કરેલ દસ્તાવેજી પુરાવો ની. ૩/૯ થી વાદગ્રસ્ત સર્વે નંબરવાળી ખાતા નં. ૧૨૧ ની મીલકતની ગામ નમુનો નં. ૮–(અ) ની રજુ કરેલ છે તેમાં હાલમાં રેવન્યુ રેકર્ડ ધ્યાને લેતાં તેમાં વાદીનું નામ ચાલે છે. વાદીએ વાદગ્રસ્ત મીલકતો પ્રતિવાદી નં.૨ ના નામે કઈ રીતે આવેલ છે તે દર્શાવતો કોઈજ રેવન્યુ રેકર્ડનો પુરાવો રજુ કરેલ નથી. પ્રતિવાદી પોતાના જવાબમાં જણાવે છે કે, તારીખ ૪/૧૧/૯૨ ના રોજ સ્વ. મોહનસીહના વારસદારોએ મોહનસીહ હીમતસીહની હયાતીમાંજ મીલકતોની વહેંચણી કરી નાંખેલ હતી અને જે વહેંચણી અનુસાર અમારા પિતાશ્રીએ અમારી હયાતીમાંજ અમો બંને ભાઈઓના નામે જમીન કરી દીધેલી. સદર વહેંચણી કરાર તેઓને કબુલમંજુર છે, એમ કહી તે વહેંચણી કરાર તેઓની સંમતીથી કોઈપણ દાબ દબાણ વગર સહી કરી આપેલી. આમ વાદગ્રસ્ત મીકતોની વહેંચણી થઈ ગયેલ છે. વહેંચણના કરારના આધારે લોટ–બ વાળી મીલકતો વાદીઓની માતા નંદુબેનને મોહનસીહના ભાગે ગયેલી. વાદીની માતા નંદુબેનનું તા. ૨૧/૧૦/૨૦૦૪ ના રોજ મરણ થતાં તા.૨૬/૭/૨૦૦૭ ના રોજ તેઓની હયાતીમાંજ વીલ કરી આપેલું અને જે વીલના આધારે તેઓનો હીસ્સે આવતાં સર્વે નં. ૫ વાળી જમીન તેઓના પુત્ર શંકરસીહને આપી દીધેલી જેની રેવન્યુ રેકર્ડમાં એન્ટ્રી નં.૩૪૮૮ તા.૧૧/૧૧/૨૦૦૪ ના રોજ પડેલી અને અને સદર ૧૩૫(ડી)ની નોટીસમાં પણ પોતાની સહી કરેલી છે. તે સદર નોટીસ બાબતે તેઓને કોઈપણ પ્રકારના વાંધા વચકા નથી તેથી ૧૩૫(ડી) નો નોટીસ બજેલ છે. આમ લોટ–બ વાળી મીલકતો પ્રતિવાદીઓના નામે તા. ૧૧/૧૧/૨૦૦૪ ના રોજ થયેલ છે અને વાદીની જાણમાં છે. આ મીલકતો વીલના આધારે થયેલ છે,તેથી વાદીએ હાલનો દાવો ઘણા સમય પછી એટલે કે ૨૦૧૩ ની સાલમાં દાખલ કરેલ છે, તેથી વાદીના દાવાને લીમીટેશન એકટનો બાધ નડે છે, તેથી પણ જયારે કાયદાનો બાધ નડતો હોય ત્યારે

વાદીનો પ્રથમદર્શનીય કેસ માની શકાય નહી. વહેંચણ કરાર તા.૪/૧૧/૯૨ ના રોજ થયેલ છે તેમાં પણ  વાદીઓએ સહીઓ કરેલી છે, તે આધારે લોટ–બ વાળી મીલકતોમાં પ્રતિવાદીઓના નામ રેવન્યુ રેકર્ડમાં ચાલ્યા આવે છે. વાદીએ આ કામે જે વીલ રદ કરાવવા માંગે છે, તે સંબંધે કોઈજ દસ્તાવેજી પુરાવો પણ વાદીએ રજુ કરેલો નથી. આમ વાદીનો પ્રથમદર્શનીય કેસ માનવામાં આવતો નથી. હાલના પ્રતિવાદીને મળેલ લોટ–બ વાળી મીલકતો વીલના આધારે મળેલ છે. વીલના આધારે તેઓ કબજામાં છે તથા જયારે વાદગ્રસ્ત મીલકતોની વહેંચણી થઈ જાય ત્યારે વડીલોપાર્જીત મીલકત રહેતી નથી, તેથી પણ વાદીનો પ્રથમદર્શનીય કેસ  છે તેવું  માની શકાય નહી. ઈરરીપેરેબલ લોસ તથા બેલેન્સ ઓફ કન્વીનીયન્સની સ્થિતિ જોતાં પણ વાદીની તરફેણમાં નથી કારણ કે, વાદીએ દાવાના કામે કોઈજ વીલ રજુ કરેલ નથી અને જયારે વાદી દાવો લઈને આવે ત્યારે સૌપ્રથમ ફરજ જે દસ્તાવેજ રદબાતલ ઠરાવવાનો હોય તેની ઝેરોક્ષ નકલ રજુ કરવાની તેઓની ફરજ છે. વાદીએ આ કામે સી.પી.સી. ઓર્ડર–૧૧ રૂલ–૧૨ તળે પણ પ્રતિવાદી પાસેથી સદરહુ વીલની નકલ રજુ કરવા સારૂ પપણ કોઈજ અરજી આ દાવાના કામે આપેલ નથી, જેથી બેલેન્સ ઓફ કન્વીનીયન્સની સ્થિતિ જોતાં પણ વાદીની તરફેણમાં નથી. જયારે વાદીએ અગત્યનો દસ્તાવેજ વીલ રજુ કરેલ ન હોય, તેથી પણ વાદીને ઈરરીપેરેબલ લોસ જાય છે, તેવી સ્થિતિની સંભાવના નથી, તેથી મુદ્દા નં. ૧,૨,૩ નો જવાબ નકારમાં ઠરાવી, મુદ્દા નં. ૪ લગત નીચે મુજબનો  આખરી હુકમ ફરમાવુ છું.

**:: આખરી હુકમ ::**

(૧) વાદીની હાલની અરજી  નામંજુર  કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ તા. ૩૦ સપ્ટેમ્બર સને ૨૦૧૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી અદાલતમાં જાહેર કર્યો.

**DATE :30-09-2015**
**PLACE : VAGRA**

**(PARASANGBHAI J.CHAUDHARY)**
**PRINCIPAL CIVIL JUDGE & JMFC**
**VAGRA,**
**CODE NO.GJ01032.**